Tata Shaktee GC Sheet · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ અમાસ શુક્રવાર ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૨

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ 7 વર્ષ પછી ભારત આવશે

**બ્રિક્સની** સાઇડ લાઇન પર ચીની પ્રમુખ મોદી સાથે રૂબરૂ મંત્રણા કરે તેવી આશા

**ગલવાન** અથડામણ પછી વણસેલા સંબંધોને સુધારવાના પ્રયાસો વચ્ચે આ મંત્રણા મહત્વની પુરવાર થઇ શકે

**બેઈજિંગ, 10 (PTI).** ચીનના પ્રમુખ ઝી જિનપિંગ આ અઠવાડિયે નવી દિલ્હી ખાતે યોજાનાર 18મા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા બે દિવસ માટે ભારતની મુલાકાત લેશે, એ મુજબ ચીની વિદેશ મંત્રાલયે ગુરુવારે જાહેરાત કરી હતી.

અહીંના સૂત્રોના જણાવ્યા અનુસાર, મુલાકાત દરમિયાન શી જિનપિંગ સંમેલનની સાઈડલાઈન પર વડાપ્રધાન મોદી સાથે બેઠક કરે તેવી શક્યતા છે.આ મુલાકાત એક હાઈ-પ્રોફાઈલ રાજદ્વારી મંત્રણા બની રહેવાની અપેક્ષા છે, જે આ બંને એશિયાઈ સત્તાઓ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને સ્થિર કરવાના ચાલુ પ્રયાસો તેમજ અસ્થિર વૈશ્વિક પરિસ્થિતિ, ખાસ કરીને પશ્ચિમ એશિયા સંઘર્ષ અને રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે બ્રિક્સ સહયોગ માટે મહત્વપૂર્ણ અસરો ધરાવે છે. જિનપિંગે છેલ્લે 2019 માં ચેન્નઈ નજીક મામલ્લાપુરમ ખાતે મોદી સાથે અનૌપચારિક શિખર સંમેલન માટે ભારતની મુલાકાત લીધી હતી. આ પહેલાં તેમણે 2016માં બ્રિક્સ સંમેલનમાં હાજરી આપવા ગોવાની મુલાકાત લીધી હતી અને સપ્ટેમ્બર 2014માં તેમની પ્રથમ ભારત મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે મોદી સાથે વ્યાપક વાટાઘાટો કરી હતી. 2014ની આ મુલાકાત બંને નેતાઓના પ્રથમ કાર્યકાળ દરમિયાન થઈ હતી.

શી જિનપિંગની આ આગામી મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તે 2020ના પૂર્વ લડાખ સંઘર્ષ પછી સ્થગિત થયેલા સંબંધોને સામાન્ય બનાવવા માટે ભારત અને ચીન દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો વચ્ચે થઈ રહી છે. જિનપિંગની મુલાકાત પહેલાં, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે ગયા મહિને બેઈજિંગમાં સરહદ મુદ્દા, સરહદ પર શાંતિ અને સુમેળ જાળવવા અને દ્વિપક્ષીય સંબંધો સુધારવાના પગલાં અંગે વ્યાપક ચર્ચા થઈ હતી. સીમા વિવાદ અને વ્યાપક દ્વિપક્ષીય મુદ્દાઓ પરની આ મહત્વપૂર્ણ ચર્ચાઓની પૃષ્ઠભૂમિ વચ્ચે, શિખર સંમેલન દરમિયાન મોદી અને શિનપિંગ વચ્ચેની બેઠક પર ભારત-ચીન સંબંધોના ભવિષ્યના માર્ગના સંકેતો માટે બારીક નજર રાખવામાં આવે તેવી શક્યતા છે.



## બ્રિક્સ સમિટમાં ભારત નહીં આવે બાંગ્લાદેશી વડા પ્રધાન

**ઢાકા, તા. 10.** બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાન બ્રિક્સ સમિટમાં ભાગ લેવા ભારત નહીં આવે. વિદેશ રાજ્ય મંત્રી હુમાયુ કબીરે આ વાતની પુષ્ટિ કરી છે. ગુરુવારે પત્રકારોએ રહેમાનના સમિટમાં સામેલ થવા અંગે સવાલ પૂછ્યો ત્યારે કબીરે કહ્યું, ''અમારા વડા પ્રધાનને તો આમંત્રણ નથી મળ્યું. આમંત્રણ બિમસ્ટેકના ચેરમેનને મળ્યું છે.'' બ્રિક્સ સમિટ 12 અને 13 સપ્ટેમ્બરે નવી દિલ્હીના ભારત મંડપમમાં યોજાશે. તેમાં ઘણા દેશોના નેતાઓ ભાગ લેશે. બાંગ્લાદેશ બ્રિક્સ નું સભ્ય નથી. આમ છતાં ભારતે બિમસ્ટેકના વર્તમાન ચેરમેન તરીકે તારિક રહેમાનને બ્રિક્સ સમિટના આઉટરીચ સેશનમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું હતું. બિમસ્ટેક દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનું પ્રાદેશિક સંગઠન છે. તેમાં ભારત અને બાંગ્લાદેશ પણ સામેલ છે. સંગઠનનો હેતુ સભ્ય દેશો વચ્ચે વેપાર, કનેક્ટિવિટી, સુરક્ષા અને આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

## પુતિન આજે ભારત આવશે

**મોસ્કો.** રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન શુક્રવારે વહેલી સવારે ત્રણ દિવસીય મુલાકાતે ભારત પહોંચશે, જે દરમિયાન તેઓ 18મી બ્રિક્સ સમિટમાં હાજરી આપશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે. એમ ક્રેમલિનના સહયોગી યુરી ઉષાકોવે ગુરુવારે જણાવ્યું હતું. સરકારી ન્યૂઝ એજન્સી ટીએએસએસ દ્વારા ઉષાકોવેને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, શુક્રવારે રાષ્ટ્રપતિ પુતિન વાર્ષિક બ્રિક્સ બિઝનેસ ફોરમના પૂર્ણ સત્રને સંબોધિત કરશે, જે પરંપરાગત રીતે સમિટ પહેલાં યોજાય છે અને બ્રિક્સ દેશોના વ્યાપારિક પ્રતિનિધિઓ વચ્ચે સંવાદ માટે એક મહત્ત્વપૂર્ણ મંચ તરીકે કામ કરે છે.

## રાગી ઢોંસાથી લઇને લોટસ સેન્ટરપીસ સુધી દેશી સ્વાદનો જાદુ

# બ્રિક્સ સમિટઃ 'ધ લીલા પેલેસ'માં વિદેશી નેતાઓ માટે શાહી મેનૂ

નવી દિલ્હીમાં 12 અને 13 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાનારા બ્રિક્સ શિખર સંમેલન (BRICS Summit) માટે રાજધાનીની અગ્રણી હોટલો વિદેશી મહેમાનોની સરભરા માટે સજ્જ થઈ ગઈ છે. વિશ્વના સૌથી શક્તિશાળી અને મહત્વપૂર્ણ નેતાઓની મેજબાની કરવી એ માત્ર સ્વાદિષ્ટ ભોજન પીરસવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમની વિવિધ ખાણીપીણીની પસંદગીઓ, એલર્જી અને ખાસ આહાર જરૂરિયાતોનું પાલન કરવું એ એક મોટો પડકાર છે.

નવી દિલ્હી સ્થિત 'ધ લીલા પેલેસ' ખાતે આ સંમેલન માટે મહિનાઓ અગાઉથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. શેફ્સ અને સર્વિસ ટીમોએ મેનૂ પ્લાનિંગ, વાનગીઓના ટેસ્ટિંગ, સામગ્રીના સોર્સિંગ અને પ્રેઝન્ટેશન પર રાત-દિવસ કામ કર્યું છે.

'ધ લીલા પેલેસ'ના એક્ઝિક્યુટિવ સો શેફ આસ્તિક ઓબેરોય (Astik Oberoi) એ જણાવ્યું કે, "બ્રિક્સ ડેલિગેટ્સને ભોજન પીરસવા માટે અત્યંત ચોક્કસ અને ઝીણવટભર્યા આયોજનની જરૂર હોય છે. અમારી તૈયારીઓ બે મહિના પહેલા જ શરૂ થઈ ગઈ હતી. તેમાં દરેક વાનગીનું નિર્માણ, તેનું ટેસ્ટિંગ, પીરસવાની શૈલી અને ગ્લોબલ ડેલિગેશનની જટિલતાઓને સમજવાનો સમાવેશ થાય છે."

**વૈશ્વિક અંદાજમાં ભારતીય સ્વાદનો આત્મા**





### મોદીના ભવ્ય ગાલા ડિનરમાં ગૂંજશે 'બ્રિક્સ સિમ્ફની'

નવી દિલ્હીના વિશાળ 'ભારત મંડપમ' ખાતે 12 અને 13 સપ્ટેમ્બરના રોજ યોજાનારા 18મા બ્રિક્સ શિખર સંમેલન (BRICS Summit) ની તૈયારીઓ આખરી તબક્કામાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંમેલનના પ્રથમ દિવસે આયોજિત કરાનારા ખાસ ગાલા ડિનર (Gala Dinner) માં વિશ્વના નેતાઓ સામે ભારત અને બ્રિક્સ દેશોની સમૃદ્ધ સાંસ્કૃતિક

...અનુસંધાન પાના 6 પર

નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ ઇન્ડિયા 2026 શિખર સંમેલન પૂર્વે 'ધ લીલા પેલેસ'ના લૉન પર બ્રિક્સના લોગો સાથેની આકર્ષક ફ્લાવર ડેકોરેશન



■ નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ શિખર સંમેલન પૂર્વે તૈયાર કરાયેલી આકર્ષક સેન્ટરપીસ સજાવટ. જેમાં સફેદ, ગુલાબી અને જાંબલી ફૂલોની આકર્ષક ગોઠવણી સાથે બ્રિક્સ 2026નો લોગો, સુશોભિત હાથીની પ્રતિકૃતિ અને કલાત્મક આર્ટવર્ક દર્શાવાયું છે. સાથે જ પીળા ગલગોટાથી ઘેરાયેલી કમળ આકારની પુષ્પ રચના, ડ્રાયફ્રૂટ્સ (પીકન, હેઝલનટ, બદામ, પિસ્તા) ના બાઉલ અને કાચના ગુંબજ (ગ્લાસ ક્લોચ) હેઠળ સજાવેલા તાજા ફળો



■ ગુલાબ, કેસર, એલચી, દેશી ફળો અને વ્હાઇટ ચોકલેટમાંથી નિર્મિત કમળ આકારની ખાઈ શકાય તેવી સ્વાદિષ્ટ સજાવટ.

બ્રિક્સ મેનૂનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય વાનગીઓના અસલી આત્માને જાળવી રાખીને તેને આંતરરાષ્ટ્રીય સ્વાદ અનુસાર પીરસવાનો છે:

વિદેશી મહેમાનોને ભારતીય મસાલાઓથી અસ્વસ્થતા ન થાય તે રીતે તીખાશ અને ટેક્સચરનું પરફેક્ટ બેલેન્સ બનાવવામાં આવ્યું છે.

હોટલના ખાસ વેલનેસ પ્રોગ્રામ હેઠળ ભારતીય પરંપરાગત મિલેટ્સ (ધાન્ય) આધારિત વાનગીઓ સમાવવામાં આવી છે, જેમ કે ક્વિનોઆ ઉપમા, રાગી ઢોંસા અને ફિંગર મિલેટ (નાગલી) પાયસમ.

ભારતના પ્રાદેશિક ફળો, મસાલા અને દેશી અનાજનો

...અનુસંધાન પાના 6 પર

# ભારત પાસેથી શીખ્યા?: ટ્રમ્પે ચૂંટણી પ્રચારમાં રેવડીની લહાણી કરી!

**રિપબ્લિકન** પાર્ટી મિડટર્મ ચૂંટણી જીતે તો દરેક પુખ્ત વ્યક્તિને ૫૦૦૦ ડોલર આપવાની જાહેરાત

**સંસદના** બંને ગૃહો પર આ પક્ષનો કબજો આવશે તો આ રકમ ડિવિડન્ડ તરીકે ચુકવાશે

**ડલાસ, તા. 10 :** ભારતમાં ચૂંટણી પ્રચારમાં મતદારોને જાત-જાતના પ્રલોભનો આપવાની નીતિ ખૂબ જાણીતી છે, જે રેવડીઓની લહાણી તરીકે ઓળખાય છે. આ જ રેવડી કલ્ચર હવે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં શરૂ કર્યું હોવાનું જણાય છે. તાજેતરમાં એક ચૂંટણી સભામાં ટ્રમ્પે જાહેરાત કરી કે જો રિપબ્લિકન પાર્ટી નવેમ્બરમાં કોંગ્રેસના બંને ગૃહો પર કબ્જો મેળવશે, તો તેઓ દરેક પુખ્ત અમેરિકનને 5,000 ડૉલરનું 'ડિવિડન્ડ' આપશે.

તેમણે બુધવારે સાંજે ડલાસમાં યોજાયેલા રિપબ્લિકન મિડટર્મ કન્વેન્શનમાં આ વાયદો કર્યો હતો. 21,000 થી વધુ ઉપસ્થિત

...અનુસંધાન પાના 6 પર

## ટ્રમ્પ દરેકને રૂ. 4.76 લાખ આપે તો ખર્ચ પાકિસ્તાનની જીડીપીના 3.3 ગણો

**વોશિંગ્ટન.** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, જો રિપબ્લિકન પાર્ટી નવેમ્બરની મિડટર્મ ચૂંટણીમાં હાઉસ ઓફ રિપ્રઝન્ટેટિવ્સ અને સેનેટ બંનેમાં બહુમતી જાળવી રાખશે તો દરેક પુખ્ત અમેરિકનને 5000 યુએસ ડોલર (લગભગ રૂ. 4.76 લાખ) આપવામાં આવશે. અમેરિકામાં લગભગ 26.98 કરોડ પુખ્ત વયના લોકો છે. જો દરેકને 5,000 યુએસ ડોલર આપવામાં આવે તો કુલ ખર્ચ લગભગ 1.35 ટ્રિલિયન યુએસ ડોલર એટલે કે રૂ. 128.25 લાખ કરોડ થશે. આ રકમ વિશ્વના લગભગ 162 દેશોની અર્થવ્યવસ્થા કરતાં પણ વધુ છે. વિશ્વ બેંકના 2025ના આંકડા મુજબ, માત્ર 19 દેશોની જીડીપી આના કરતાં વધુ છે. આ રકમ પાકિસ્તાનની સમગ્ર અર્થવ્યવસ્થા કરતાં પણ લગભગ 3.3 ગણી વધારે છે. પાકિસ્તાનની જીડીપી લગભગ 407.3 અબજ ડોલર એટલે કે રૂ. 38.69 લાખ કરોડ છે.

# યમનના વ્યુહાત્મક બંદર પર હુથી બળવાખોરોનો કબજો

**ઇરાનનો** ટેકો ધરાવતા આ બળવાખોરોએ મોખા બંદર પર કબજો કરી લીધો જે ઈંધણ વહન માટે મહત્વની બાબ અલ મંદાબ ખાડીની નજીક છે

**અદન, તા. 10 (AP):** ઈરાન સમર્થિત હુથી બળવાખોર જૂથે ગુરુવારે યમનના બંદરીય શહેર મોખા પર કબજો કરી લીધો છે, જે રાતા સમુદ્ર દ્વારા થતા જહાજોના પરિવહનને નિયંત્રિત કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ વિસ્તાર છે, તેમ હુથી અને યમનના અધિકારીઓએ જણાવ્યું હતું.

મોખા એ બાબ અલ-મંદાબ ખાડીથી લગભગ 80 કિલોમીટર દૂર આવેલું છે. આ ખાડી રાતા સમુદ્ર અને અદનની ખાડી વચ્ચેનો એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે, જેમાંથી સામાન્ય રીતે વિશ્વનું લગભગ 12 ટકા તેલ અને અન્ય સામાન વહન કરવામાં આવે છે. આ વર્ષની શરૂઆતમાં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલો કરવામાં આવ્યા બાદ, નજીકની હોર્મુઝની ખાડીમાંથી થતા શિપિંગમાં ખલેલ પહોંચ્યા પછી બાબ અલ-મંદબ વૈશ્વિક ઉર્જા પુરવઠા માટે વધુ મહત્વપૂર્ણ બની ગયું છે.

મોખા પર હુથીઓના કબજાની પુષ્ટિ યમન સરકાર સાથે જોડાયેલા નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સના કમાન્ડર અહમદ બાશ અને હુથી પોલિટિકલ બ્યુરોના સભ્ય હઝામ અલ-અસાદ દ્વારા એસોસિએટેડ પ્રેસને કરવામાં આવી હતી. એક દાયકાથી વધુ સમય સુધી ચાલેલા ગૃહયુદ્ધનો અંત લાવવા માટે 2022માં હસ્તાક્ષર કરાયેલા યુદ્ધવિરામ પછી મોખા પરનો કબજો એ હુથીઓનો સૌથી મોટો પ્રાદેશિક વિજય છે. પૂર્ણ-કક્ષાના ગૃહયુદ્ધમાં વાપસી યમનના લોકો અને સંભવિત રીતે વિશ્વના ઉર્જા પુરવઠા માટે વિનાશક બનશે. મોખાના

...અનુસંધાન પાના 6 પર

## દિલ્હી ડાયરી



### સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન

આજકાલ વિચિત્ર બનાવો બની રહ્યા છે. નોઈડાની એક સ્થાનિક નીચલી અદાલતે આશ્ચર્યજનક રીતે ભારતની સુપ્રીમ કોર્ટના આદેશને રદ કરવાનો પ્રયાસ કર્યો છે. હા, આ આજકાલનો નવો ક્રમ બની ગયો હોય તેમ લાગે છે. વિદ્યાર્થી આંદોલનકારીઓ સામે કોઈ પગલાં ન લેવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશ છતાં કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શનમાં કથિત ભાગીદારી બદલ ગ્રેટર નોઈડાના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ વિદ્યાર્થીને નોટિસ કેવી રીતે આપી શકે તેવો સવાલ ઉઠાવતાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ગઈકાલે ચુકાદો આપ્યો હતો કે કોર્ટ સત્તાવાળાઓ પાસેથી આ અંગે સ્પષ્ટતા માંગશે. વરિષ્ઠ એડવોકેટ બિસ્વજીત ભટ્ટાચાર્ય દ્વારા નોટિસ અંગેના

...અનુસંધાન પાના 6 પર

### તા. ૧૦-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧૬૯૯ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૩૫.૧૩ ફૂટ | ૬૨૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૩ સે. | ૨૬.૧ સે. | ૬૮% |

# મોદીની પુતિન અને પેઝેશ્કિયાન સાથે આજે મંત્રણા, જિનપિંગ સાથે કાલે

**નવી દિલ્હી, તા. 10:** મોદી BRICS સમિટની સાઇડ લાઇન પર રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન અને અન્ય કેટલાક વૈશ્વિક નેતાઓ સાથે અલગથી દ્વિપક્ષીય વાટાઘાટો કરવાના છે. પુતિન સાથેની મુલાકાત શુક્રવારે બપોરે 3.30 વાગ્યે અને પેઝેશ્કિયાન સાથેની મુલાકાત સાંજે 6.15 વાગ્યે યોજાવાની છે.

ઝીની સાથે સરકારી અધિકારીઓ અને ટોચના ઉદ્યોગપતિઓનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આવી રહ્યું છે. પૂર્વ લડાખમાં ચાર સાડા-ચાર વર્ષ કરતાં વધુ સમયથી ચાલેલી સૈન્ય મડાગાંઠને કારણે વણસેલા સંબંધોને સુધારવા માટે બંને પક્ષોએ છેલ્લા એક વર્ષમાં શ્રેણીબદ્ધ વિશ્વાસ-નિર્માણના પગલાં હાથ ધર્યા છે. તેમની વાતચીત દરમિયાન, મોદી અને ઝી દ્વારા સરહદી સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયાસોના ભાગરૂપે વાસ્તવિક અંકુશ હરોળની એકંદર સ્થિતિની સમીક્ષા કરવાની સાથે વેપાર અને રોકાણના સંબંધો વિસ્તારવા સહિતના અન્ય માર્ગો શોધવાની પણ અપેક્ષા છે, તેમ આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું. આ બેઠક શનિવારે સાંજે ૬ વાગ્યે યોજાવાની ધારણા છે. મોદી અને ઝીએ ગત વર્ષે ૩૧ ઓગસ્ટે ચીનના તિયાનજિન શહેરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ દરમિયાન પણ વિવિધ મુદ્દાઓ પર વ્યાપક

...અનુસંધાન પાના 6 પર

# ભારતના અણુ શસ્ત્રાગારમાં અંદાજે ૧૯૦ બોમ્બ: અમેરિકી થિંક ટેંક

**225** બોમ્બ બનાવી શકાય તેટલું પ્લુટોનિયમ તૈયાર!

**વોશિંગ્ટન, 10 (PTI):** અમેરિકાના એક બિન-નફાકારક પોલિસી થિંક ટેન્ક અનુસાર, ભારતના અણુ શસ્ત્રાગારમાં આશરે 190 વોરહેડ્સ હોવાનો અંદાજ છે, જેમાં ઉત્પાદન હેઠળની નવી મિસાઈલો માટેના 30 વધારાના વોરહેડ્સનો સમાવેશ થાય છે.

'ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટ્સ'(FAS)એ ખુલ્લા સ્ત્રોતો, સરકારી ડેટા અને વ્યાપારી ઉપગ્રહો દ્વારા લેવાયેલી તસવીરોના વિશ્લેષણ પરથી આ અંદાજ લગાવ્યો છે. FAS ન્યુક્લિયર ઈન્ફર્મેશન પ્રોજેક્ટના ડિરેક્ટર હંસ ક્રિસ્ટેનસન દ્વારા લખાયેલા 'ઈન્ડિયાઝ ન્યુક્લિયર વેપન્સ - 2026' શીર્ષકવાળા લેખ અનુસાર, ભારતના પરમાણુ-સક્ષમ ડિલિવરી ફોર્સ સ્ટ્રક્ચર અને રણનીતિ વિશે ઉપલબ્ધ જાહેર માહિતીના આધારે, અમે અંદાજ લગાવીએ છીએ કે ભારતે લગભગ 190 પરમાણુ વોરહેડ્સનું ઉત્પાદન કર્યું હોઈ શકે છે.

બુધવારે પ્રકાશિત થયેલા આ લેખમાં નોંધવામાં આવ્યું છે કે, ભારતે તેના અણુ શસ્ત્રાગારનું આધુનિકીકરણ ચાલુ રાખ્યું છે. પરમાણુ-સક્ષમ વિમાનો, જમીન આધારિત મિસાઈલ પ્રણાલીઓ અને દરિયાઈ પ્રણાલીઓને પૂરક બનાવવા અથવા બદલવા માટે તાજેતરના વર્ષોમાં કેટલીક નવી શસ્ત્ર પ્રણાલીઓ તૈનાત કરવામાં આવી છે અને અન્ય કેટલીક સિસ્ટમ્સ વિકાસ હેઠળ છે. લેખમાં જણાવાયું છે કે, "અમારો અંદાજ છે કે ભારતે 140 થી 225 પરમાણુ બોમ્બ્ માટે પૂરતું લશ્કરી પ્લુટોનિયમ બનાવ્યું હોઈ શકે છે અને 190 સુધીના વોરહેડ્સ એસેમ્બલ કર્યા હોઈ શકે છે. વધુ શસ્ત્ર પ્રણાલીઓ વિકાસ હેઠળ હોવાને

...અનુસંધાન પાના 6 પર